GJVD040013342017

**<u>રે.મુ.નં. ૨૦/૨૦૧૭</u>**

**<u>આંક–૦૧ તથા આંક–૦૫ લગત અંતિમ હુકમ</u>**

રેકર્ડ વંચાણે લીધુ. હાલનો દાવો તા. ૧૪.૦૩.૨૦૧૭ ના રોજ આ કામના વાદીએ દાખલ કરેલ. તા. ૨૪.૦૨.૨૦૨૧ ના રોજ સદર કેસમાં મુદ્દા ફ્રેમ કરવામાં આવેલા અને વાદીના પુરાવા માટે મુલત્વી રાખવામાં આવેલ. ત્યારબાદ તા.૨૮.૨.૨૦૨૪ ના રોજ વાદી તર્ફે પુરાવા રજુ કરાયેલા અને સદર પુરાવાને આંકે પાડવાની આંક–૨૯ની અરજીની સુનાવણી માટે મુલત્વી રાખવામાં આવેલ છે. પરંતુ ત્યારબાદ ઘણી બધી મુદતો વીતવા છતાં, બન્ને પક્ષકારો તર્ફે કોઇપણ હાજર રહેલ નથી કે કોઇ રીપોર્ટ પણ રજુ કરેલ નથી. કોઇપણ અસરકારક કામગીરી કરવા માટે વાદી તર્ફેથી પ્રયત્ન કરવામાં આવેલ નથી. આજરોજ પણ કોર્ટની દીવાલ ઘડીયાળમાં કલાક ૧૭.૩૦ વાગ્યાનો સમય થયેલ હોવા છતાં, વાદી તર્ફે કોઇ હાજર નથી કે કોઇ રીપોર્ટ પણ રજુ કરેલ નથી. સદર દાવો ૯ વર્ષથી વધારે જુનો છે. જો વાદીને તેમના કેસની દરકાર હોય નહી, તો દાવો કોર્ટ રેકર્ડમાં રાખી મુકવો યોગ્ય જણાતુ નથી. સબબ, ઉપરોક્ત વિગતો અને રેકર્ડને ધ્યાને લેતાં, આંક–૦૧ લગત નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

(૧)**રે.મુ. નં. ૨૦/૨૦૧૭ ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવામાં આવે છે.**
(૨)આંક–૫ ની મનાઇઅરજી લગત થયેલ હુકમ વેકેટ કરવામાં આવે છે.
(૩)ખર્ચ અંગે કોઇ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૧૮મી ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ ૧૮/૦૮/૨૦૨૬
પાદરા.

**( ડો. મંજુદેવી શારદાપ્રસાદ પાંડે)**
પ્રિન્સીપાલ સિનીયર સીવીલ જજ
પાદરા.
UID CODE GJ00860